# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

કોઇ કટ્ટર-નશામાં બેલગામ થઇ જાય છે,
તો કોઇ પૈસાના નશામાં બેફામ થઇ જાય છે,
લગામ ખેંચાય છે મજબૂત ચૂંટણી પંચની -
ગગનવિહારીનો જેલમાં મુકામ થઇ જાય છે..
(ચૂંટણીપંચની ચાબૂક)

**હાઇકુ**

ચક્ષુદાન ને
દેહદાનથી શ્રેષ્ઠ
છે મતદાન..

પવિત્ર ફર્જ
રાષ્ટ્રીય ઋણ માટે
છે મતદાન

(સ્વાતંત્ર્ય અને લોકશાહીનો પ્રાણ છે મતદાન)

## ચિંતન

***શ્રેયસ્વી યત્ર માનં વ્રજતિ દુરિત કૃચ્ચાપમાનં મનુષ્યૈરક્ષેયં યત્ર દૂતૈઃ પ્રભુમનું મનુજો નીયતે ચાનપેક્ષઃ । ભૃત્યોર્ગેહં ચરં તન્ન તુ કુધનવતાં યત્ર સર્વાપમાનો લોકૈર્વિજ્ઞાયમાનઃ સ્વયમતિથિયતા યત્ર ચાર્થી પ્રયાતિ ॥***

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'મનસ્વીજનોની પ્રશંસા'નામના વિભાગનો આ શ્લોક છે :

પવિત્ર પુરૂષ જ્યાં સન્માન મેળવે છે ત્યાં પાપી પુરૂષ અપમાનને પ્રાપ્ત કરે છે આ એવું સ્વાભાવિક છે કે વ્યવહાર જગતને આની ખબર પણ પડતી નથી. મનસ્વી-સ્વમાન લોકો નિસ્પૃહી હોય છે એમને માન-અપમાનની પડી નથી હોતી તેથી રાજસત્તા - એમને સામેથી ચાલી-ચલાવી માન-સન્માન માટે દરબારમાં લઇ જાય છે. જયારે નિર્ધન-લાચાર અને જેને પોતાના માન-અપમાનની પણ પડી નથી હોતી એવો જન જાતે ચાલી-ચલાવી દુષ્ટ અને જેણે અલક્ષ્મી જ એકત્ર કરી છે એવા ધનિક ને ઘેર યાચના અર્થે જાય છે અને અપમાન સહન કરે છે.

મનસ્વી-સ્વમાની લોકો એવા નિર્લેપ હોય છે કે એમની પોતાની જરૂરિયાત માટે કોઇ દુષ્ટ ધનિક જેણે શોષણ દ્વારા અલક્ષ્મી જ એકત્ર કરી તેની પાસે જઇ યાચના કરવા કરતાં તો ઇશ્વરના દરબારમાં અર્થાત મૃત્યુને જ પસંદ કરશે.

## સુવિચાર

- કુદરતનો એક નિયમ જાણી રાખવા જેવો છે કે જિંદગીમાં જેટલી મોટી અપેક્ષા હોય છે, આઘાત પણ એટલો જ મોટો હોય છે - ***એસ. ભટ્ટાચાર્ય***
- આપણે સ્વયં સૂરજ હોઇએ અને અજવાળા માટે આગિયાના ફોટાની શોધ કર્યા કરીએ, એ કેવી હાસ્યાસ્પદ વાત લાગે છે? કોઇની પાસે અપેક્ષા રાખનારનું જીવન આવું હાસ્યાસ્પદ હોય છે - ***રાજેશ વ્યાસ***
- ભલે માણસને શાસ્ત્રીય જ્ઞાન બહુ ન હોય, પણ જો તે સદાચારી હોય તો તે દુરાચારી પંડિત કરતા અનેકગણો ચઢિયાતો છે. - ***મોરારિ બાપુ***
- સુખ-દુઃખના સરવાળા માટે જીંદગી નથી, જીંદગી છે અંધારામાં અજવાળા કરવા માટે - ***જે.કૃષ્ણમૂર્તિ***
- પૈસા પાપનું પ્રતિનિધિત્વ ધરાવે છે, જયારે પ્રેમ એ પ્રભુનું પ્રતિનિધિત્વ ધરાવે છે, પૈસો પાપને આમંત્રે છે, પ્રેમ પ્રભુને આમંત્રે છે - ***સુભાષિત***
- સન્માન વગરની સફળતા તમારી ભૂખ તો શમાવી દે છે, પણ એ મીઠા વગરના ભોજન જેવી ફીક્કી રહે છે - ***રાજચંદ્ર***
- તમારા સંતાનને એક ફુલ આપશો તો એ ફક્ત એક દિવસ એને સુંઘી શકશે, પણ એને ફુલનો છોડ ઉગાડવાનું શીખવા દો તો એ રોજ સુવાસ માણી શકશે - ***નવનીત***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આજકાલ ચૂંટણીમાં વિચાર્યા વિના બોલનારા નેતાઓને ટીવી/છાપાંના પત્રકારો જરા વારમાં ભેખડે ભરાવી દે છે એટલે તો હવે પંચ 'વિડિયો રેકોર્ડીંગ'નો આગ્રહ રાખે છે. નેતાઓ તો મારૂં નિવેદન 'તોડમરોડ' કરી છાપ્યું છે કહી છૂટી જાય! જો કે મીડિયાને મસાલો 'ભરવાની' આદત છે એમને સાદી સાચી વાતને પણ 'સમાચાર' બનાવતાં આવડે!

ઇંગ્લેન્ડમા બિશપ એક વાર અમેરિકા ગયા. રૂઢિચૂસ્ત લંડનવાસીઓએ બિશપને ચેતવ્યા. જો જો સંભાળીને બોલજો, અમેરિકાના પત્રકારો જરાવારમાં જાળમાં ફસાવી દે તેવા છે.

બિશપ પત્રકાર પરિષદમાં ખૂબ જ સાવધાની પૂર્વક જવાબો આપતા હતા. પત્રકારોને કેમેય મસાલો મળતો ન હતો. એક તોફાની પત્રકારે પૂછ્યું અમેરિકાના કયાં કયાં સ્થળોની આપ મૂલાકાત લેવાના છો?

બિશપે તો તૈયાર યાદી વાંચી.

પછી પત્રકારે પુછ્યું તમે કોઇ 'નાઇટ કલબ'માં જશો? અને બિશપે નિર્દોષ ભાવે પુછ્યું 'અહીં પણ નાઇટ કલબો છે?'... અને બીજે દિવસે છાપાંઓનું ટાઇટલ ન્યૂઝ હતું, 'બિશપે નાઇટ કલબ વિષે પુછ્યું?!'


Email - sureshchandrabhatt18@gmail.com

# ઉટપટાંગ કોમેડી કિંગ...!! અરવિંદ કેજરીવાલ કા ઉલ્ટા ચશ્મા..!!

## એનાંજ ચશ્માએ હિન્દુસ્તાનને જોતો રહ્યો, લગાડી સૌને ધંધે તાળીઓ પાડતો રહ્યો
## નાદાને ભરી દિલ્હીમાં ચૂંટણીની મહેફિલ, બધાંય બેઠાં ખુરશીમાં ને એ જ ઉતરી પડ્યો

કાર્ટૂન અને કોમેડી ક્ષેત્રે અરવિંદ કેજરીવાલની એન્ટ્રી થયા બાદ રજનીકાન્ત, નરેશ કનોડીયા, આલોકનાથ, સરદારજી, બાપુઓ અને લાલુ બધાંને હાથ થઇ ગઇ છે, છેલ્લાં કેટલાય સમયથી એક સમયે જેનામાં જનતાએ ભારતનું ભવિષ્ય જોયું હતું એ મહાશય પોતાનાં જ ચશ્મા સાચાં અને એ જે જૂએ જે કરે એ જ સાચું અને તમાશા કરતાં થઇ ગયા, મીડિયામાં સતત ચમકવાની ભૂખ અને દિલ્હીની મોટી ગાદી પર જવા ઇચ્છતા સૌના માર્ગે નડવાની નૌટંકી કરતાં એ આજે જનતા માટે એક ઉટપટાંગ કોમેડી કિંગ બનીને રહી ગયા છે!!

'ચશ્મા' એ માનવીનો દષ્ટિકોણ દૂર કરવા માટે રોજિંદા ઉપયોગનું એક ઓછા ખર્ચે બનાવેલું સાધન છે. પહેલાં માત્ર ચાલીસ પછી વાંચવા એટલે કે બેતાલા તરીકે જ એનો ઉપયોગ થતો. 'ચશ્મા વાળી છોકરી' લગ્ન માટે ના જોઇએ એવું લગ્ન વિષયક જાહેરાતમાંય છપાતું. સમયાંતરે ચશ્મા તરફ જોવાનો લોકોનો દષ્ટિકોણ બદલાઇ ગયો. ચાલીસી વાળા ચશ્મા ચૌદ વર્ષના વિદ્યાર્થીના નાક પર આવીને ટકી ગયા. પહેલા લગ્નનાં બજારમાં છોકરીઓને નડેલાં ચશ્મા 'સ્પેક્ટ્રમ' જેવાં રૂપાળાં નામ સાથે ફેશન સ્ટેટસ અને સ્ટાઇલ બની ગયા. 'ચશમીસ ચચ્ચું બલાડીનું બચ્ચું' જેવું બોલીને ભાગી જતાં બચ્ચાઓ આજે પોતે જ ચશમીસ બની પ્રાથમિક શાળાની બેંચે નંબરવાળા ચશ્માથી અક્ષરો ઉકેલી રહ્યાં છે!!



અત્યારે ચૂંટણીનો ગરમાવો બળબળતા ઉનાળામાં જામ્યો છે, મંચ હોય કે માઇક, ચેનલ કે મોબાઇલ દરેક ઠેકાણે રાજકીય પક્ષ, નેતા, વિશ્લેષક જે અને તે કારણથી 'દષ્ટિકોણ' વિશે બોલતાં 'ચશ્માં' શબ્દનો પણ વપરાશ કરે છે. ભારતનાં રાજકારણમાં ચોંટી પડેલા, લટકી પડેલાં અને નવાં સવાં ઉતરી પડેલા દરેકનાં 'ચશ્માં' અને દષ્ટિકોણ અલગ અલગ છે. પણ ધ્યેય માત્ર એક જ છે, સત્તાની ખુરશી!!



**Hello ફ્રેન્ડસ!**

–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

માત્ર, ભારતનાં રાજકારણમાં નવા નવા આવેલા ભ્રષ્ટાચાર નિર્મૂલન, વ્યવસ્થા પરિવર્તન, લોલમલોલ લોકપાલના મહા મહોપાધ્યાય અણ્ણા હજારેએ બહિષ્કૃત કરેલા, સ્વયં ઘોષિત 'આમ આદમી' અરવિંદ કેજરીવાલ એમણે આખા દેશના આંખોમાં નિષ્ણાંતોને ચેલેન્જ આપી છે, એટલે આ નિષ્ણાંતો રાજકીય, સામાજિક, આર્થિક દષ્ટિ તપાસનારાં છે!!

અણ્ણા હજારેનાં 'જંતર મંતર'ના પ્રસિદ્ધ આંદોલનમાં અણ્ણા, કિરણ બેદી, પ્રશાંત ભુષણની સાથે અરવિંદ કેજરીવાલ પ્રથમવાર જનતાને ધ્યાને આવ્યા. અણ્ણા અને કિરણ બેદી તો પહેલાંથી પ્રકાશમાં આવેલાં. ભૂષણ પિતા-પુત્ર જે જેઠમલાણી પિતા-પુત્ર જેટલાં જ દિલ્હીનાં કાયદાવર્તુળમાં પરિચિત નામ (અને જેઠમલાણી જેવાં પરાક્રમી પણ ખરાં.) આમાં અરવિંદે માત્ર હનુમાનની ભૂમીકા લીધેલી. એમનાં સાદા પેન્ટ-શર્ટ પર સ્વેટર, પગમાં બાટાના ચપ્પલ, ગળામાં લેંટથી પલળેલું મફતર બધું જ ચેનલો વાળાને ગમી ગયું અને ટીવીની સ્કીન ફાટી પડે એટલી હદે એનાં વખાણ કરેલાં. આ આંદોલનમાં એનું બ્રેઇન છે એવું કહેવાતું અને એણે એને સાચું પણ કરી બતાવ્યું...

લોકપાલ આંદોલનમાં દરેક રાજકીય પક્ષોને મંદિરમાં 'ચપ્પલ'ની જેમ બહાર કાઢનારા પોતે આ આંદોલનમાંથી બહાર આવી 'આમ આદમી પાર્ટી'ના પક્ષની રચના કરી દીધી. અણ્ણા હજારે અને કિરણ બેદી એનાથી દૂર રહ્યાં. અને અંજલી દમાનિયા અને રેમો જેવાં અનેક લોકો જોડાયા. જે લોકોનાં હાથમાં દેખાતો ઝાડુ એ અછૂત વ્યક્તિનો સિમ્બોલ હતો એ ઝાડુને સહુ વળગી પડ્યાં. અણ્ણાનાં શિષ્ય અરવિંદ કેજરીવાલે અણ્ણાને જ બાજુએ ખસેડી, એમના આદરનું નાટક કરી રાજકીય લ્હાવો લૂંટવા નીકળી પડ્યા. આધુનિક દ્રૌણાચાર્યને આધુનિક એકલવ્યે અંગૂઠો ના આપતાં અંગૂઠો (એટલે કે ઠેંગો) બતાવી દીધો...

આ કેજરીવાલ પહેલાં 'સંઘ'નો માણસ છે, પછી ભાજપનો દાવ છે એવાં સમાચાર વહેતાં થયા, પણ ભાજપ પર એનો ઝાડુ ફરવા લાગતાં અંદરથી ખુશ થતાં સંઘ-ભાજપ સાવધ થઇ ગયા. દિલ્હી વિધાનસભામાં 'આપ'ને સહુ 'દૂધ પીતો' છોકરો સમજતાં હતા, પણ ત્યાં એનો જાદું (ઝાડુ) ચાલી ગયો. કોંગ્રેસની નનામી નીકળી તો ભાજપના મોંઢા સુધી પહોંચેલો સત્તાનો કોળીયો કેજરીવાલ ઝૂંટવી ગયા... ટીવી પર તો સુનામી આવ્યો વિશ્લેષકો અને મોટાં રાજકીય પક્ષોની ઊંઘ હરામ થઇ ગઇ, બધાંને હડસેલો મારી કેજરીવાલ દરેક ચેનલમાં દેખાવા લાગ્યાં!!

કેજરીવાલે નિશ્ચિત કરેલાં ચોખંડામાં કામ કરવાને બદલે, જોખમી રસ્તાઓ અપનાવ્યાં. દિલ્હીમાં કોઇનો ટેકો લઇશ નહીં, વિરોધ પક્ષમાં રહીશ, ફરીથી ચૂંટણીઓ કરાવીશ, અમે સહીં સત્તા માટે નહીં 'વ્યવસ્થા પરિવર્તન' માટે આવ્યાં છે જેવા કેટલાંય ઉલટ સુલટ બયાનો આપી છેલ્લે કોંગ્રેસનાં ટેકાથી દિલ્હીની ગાદી પર ચઢી બેઠાં. 'તમે કોંગ્રેસનો ટેકો કેમ લીધો?' એવાં પ્રશ્નનાં જવાબમાં, 'અમે કયાં લીધો? એમણે આપ્યો' એમ કહી રાજકીય નિર્ણયો પેલા લગ્નનાં ચાંલ્લા જેવા બનાવ્યાં!!

અને પછી 'ચાંલ્લો' 'અમે કયાં લીધો એમણે આપ્યો'ને પોતાની શૈલી બનાવી લીધી. દર વખતે 'મારે કયાં સત્તા જોઇએ છે?' મારે મુખ્યમંત્રી નથી બનવું, મારે વડાપ્રધાન નથી બનવું, મારે વ્યવસ્થા બદલવી છે. બસ એવું બધું બોલતાં રહ્યાં, હવે આ એમની 'વ્યવસ્થા' રહસ્યમય બનતી ચાલી છે. એ કહેશે શું અને કરશે શું? કશું નક્કી નહીં, એ શું ઓઢશે ને કયાં નીકળશે એ તો સીઆઇડીની ટીમનેય ખબર ના પડે એવું પેચીદું... એમની અરાજતા ફેલાવવાની સ્ટાઇલથી કંટાળી યોગેન્દ્ર યાદવ, મેઘા પાટકર પાછા ગુજરાત અને નર્મદાના આદિવાસીઓને વહાલ કરવાં આવી ગયા!!

લોકપાલ આંદોલનથી કેજરીવાલને ઇલેકટ્રોનિક મીડિયા અને સોશ્યલ મીડિયાનું સામર્થ્ય ખબર પડી ગયું, અને એમનું ઉપદ્રવ મૂલ્ય પણ ખબર પડી ગયું. ઇલેકટ્રોનિક મીડિયાને સનસની જોઇતી હોય છે. સોશ્યલ મીડિયાને કોક કોઇકનાં કપડાં ઉતારે એમાં રસ હોય છે. પાકીટમારને પકડેલી ભીડમાં આડે દિવસે એકાંદ વંદોય ના મારનારાં જેમ પેલાંને બે-ચાર મારી હાથ સાફ કરી લે છે, એમ સોશ્યલ મીડિયા પર પોતાનું તત્વજ્ઞાન ઝાડી શેર, કાર્ટૂન, જોક્સ જોતજોતામાં ફરતાં કરી 'વિકૃત' આનંદ મેળવવાની પ્રવૃત્તિ બેઠાં બેઠાં વધી પડી છે!! (આ બંને માધ્યમોનો સકારાત્મક ઉપયોગ થાય છે, પણ પી.એચ.ડી. થનારનો ફોટો નાનો ને લાફો મારનાર ફોટો મોટો જેવી અવસ્થા છે) કેજરીવાલ આ બંને માધ્યમોને પુરતો ખોરાક પુરા પાડે છે, પોતાના ગાલ પર લાફા મરાવીને પણ!!

બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી અને માત્ર દૂરદર્શનનાં જમાનામાં એક 'જનવાણી' નામનો કાર્યક્રમ આવતો એમાં વિનોદ દુઆ મંત્રીઓના ઇન્ટરવ્યુ કરતાં. સરકારી માધ્યમ અને મંત્રી બંનેને ધારદાર પ્રશ્નોથી મુંઝવી નાંખતા, શાંતિથી સામેવાળાને લપેટમાં લેવાની સ્ટાઇલ અને પ્રશ્નોથી વિનોદ દુઆ આવાં જ હીરો સાબિત થયાં હતા. આજે એ એકાદી ચેનલ પર 'ઇંડિયા કા જાયકા' નામનાં કાર્યક્રમમાં લારીઓ પર ખાતાં ફરે છે પ્રણવ રૉયના બરોબરીનાં વિનોદ દુઆ આજે 'કહાં ગયે વો લોગ'ની યાદીમાં છે... અત્યારે નિરાશાજનક અને ભ્રષ્ટાચાર મુક્ત જેવાં એજન્ડાથી કેજરીવાલનો સૂર્ય ચમક્યો હતો. એક નવો પર્યાય જનતાને મળ્યો હતો, હજારે એન્ડ કંપનીએ એક આશા ઉભી કરેલી, પણ હજારે સાથે કેજરીવાલે પણ એના પર પાણી ફેરવી દીધું!!

દેશ અંબાણી ચલાવે છે, કોર્પોરેટનો મારો વિરોધ નથી, કેટલાંક સારા ઉદ્યોગપતિ પણ છે એવું કહેતા કેજરીવાલ જેને પોતાના ચશ્માથી જોઇ સ્વચ્છ, શુદ્ધ, અણિશુદ્ધ કહે એજ સાચા... રસ્તા પર બેસી સચિવાલય ચલાવીશું, હું તો આમ આદમી છું, આમ આદમીના પ્રશ્નો જ મારો ધ્યેય છે એવું કહી ગુજરાતનાં મોદીને પણ પ્રશ્નાવલી આપતાં ગયા. કેજરીવાલ કહે છે તમે તમારાં ચશ્મા બદલો. કોંગ્રેસ - ભાજપના ચશ્માથી જોશો નહીં. કારણ એમને તો અંબાણી-અદાણીએ ચશ્મા આપ્યાં છે. મને તો આમ આદમીએ ચશ્મા આપ્યાં છે. ભરપૂર નૌટંકી કરી મીડિયાને મસાલો પુરો પાડનારાં કેજરીવાલે પોતે જ ઉલ્ટા ચશ્માં ચઢાવ્યાં છે, એમણે હવે 'ઝાડુ' ની જેમ કેજરીવાલ 'ચશ્મા' પણ બધાંને આપવા જોઇએ!!

***ચૂંટલો :***

પ્રસિદ્ધિનાં મહા સ્ટંટ સમાન કેજરીવાલ વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે ઉભા થઇ ગાય છે, ત્યારે હિન્દી ફિલ્મોના વિલન અજીતની સ્ટાઇલમાં જ મોદીનાં મોઢે મિમિકી મુકતાં એ કેજરીવાલને કહે, "કેજરીવાલ, મેં તુમ્હે લિક્વિડ ઓક્સિજન મેં ડાલ દૂંગા... લિક્વિડ તુમ્હે જીને નહીં દેગા ઓક્સિજન તુમ્હે મરને નહીં દેગા!!"

# એક ઘોર નિરાશાની કાલિમા તેમના ચહેરા પર છવાઇ ગઇ હતી, તેમને સાંજે વાળુ પણ ન કર્યું, ખુબ ઉદાસ મનથી એ આખી રાત ખાટલામાં પડખાં ફેરવતા રહ્યા

**નવાં કલેવર**

- નટવર હેડાઉ

છેલ્લા થોડા દિવસોથી તેમના ચહેરા પર પહેલાં જેવી ચમક નથી. ચહેરા પર ચિંતાની ઘેરી છાયા દેખાય છે. આંખોની નીચે કાળાશ અને ચહેરા પર કરચલીયોના નિશાન ઉભરાઇ આવ્યાં છે.

પહેલાં તેમનો ચહેરો ઓજસ્વી તેજથી ચમકદાર લાગતો. ચહેરા પર કાયમ સ્મિત ફરકતું જોવા મળતું. તે સાથે એક રૂઆબ પણ જોવા મળતો. તેમનું ઊંચુ કદ અને રૂષ્ઠપુષ્ઠ શરીર ગૌર વર્ણ, માથા પર લાલ ફેંટો અને બગલાની પાંખ જેવો સફેદ કાંજીથી કડક ઇસ્ત્રી બંધ ઝભ્ભોને સલવારથી શોભતા દેહ પર પગનાં કાનપુરા ચંપલ હાથમાં ચાંદીની મુઠવાળી સ્ટીક, ફરફરતી મૂછો આ બધું બજારમાં તેમની નજીકથી પસાર થતાર જોતાં જ રહી જતા અને બોલી પડતાં 'જુઓ આ ઉંમરે પણ કેવા લાગે છે?' તેમના સાથીદારો તો તેમનો ટોકતા પણ ખરા 'યાર રામસંગ સાઇઠે પણ તું ખુબ ચુસ્ત લાગે છે. તારી આ તંદુરસ્તીનું રાઝ શું છે? કંઇ ઘંટીનો લોટ ખાય છે? ત્યારે તે પોતાની મૂછો પર તાવ દેતા અને હસતાં હસતાં કહેતાં એનું કારણ કોઇ ઘંટીનો લોટ નહીં કંઇક બીજું જ છે સમજ્યા...'

તે વકીલની ઓફિસે બેઠાં વકીલને આજીજી કરતા હતા. 'વકીલ સાહેબ મારી બાબતે રજૂઆત કરવામાં કોઇ કસર થવી ન જોઇએ. આના માટે જે કંઇ ખર્ચ થશે તે કરવા હું તૈયાર છું પણ દૂધનું દૂધ ને પાણીનું પાણી થવું જોઇએ...'

વકીલ તેમને આશ્વાસન આપતો હતો. 'વડીલ ધીરજ રાખો. હું જજની પાસે તમારે પક્ષે મજબુત પુરાવાઓ સહીત તર્ક સંગત રજૂઆત કરીશ. આ મામતે કોઇ કચાશ નહીં રાખું. બાકી તો તમારા ફેવરમાં કે વિરૂદ્ધમાં ચૂકાદો આવે એ તો જજના વિવેક અને સમજ પર નિર્ભર છે.'

વાત જાણે એમ બનેલી. તે દિવસે ચૈત્ર મહિનાનો કાળઝાળ ગરમીની શરૂઆત થઇ ગઇ હતી. તેમણે ઢોરઢાંખરને પાણી પીવડાવી આંબાના ઝાડના છાંયે ખૂંટે બાધી દીધેલાં અને ઘાસચારો નીરી દીધો હતો. પશુઓ પણ ધરાઇને વાગોળી રહ્યાં હતા. તેઓ પોતે પણ નહાઇ ધોઇને સંધ્યા પૂજા કરી જમ્યા પછી ઘટાદાર આંબાના છાંયે ખાટલો ઢાળી આરામ ફરમાવી રહ્યા હતા. કેવું મોટું ઝાડ છે? લીલુછમ્મ ફૂલ્યું ફાલ્યું, પણ કેવું છે કે સૂરજનાં તડકાથી એક ચાંદરણું પણ ધરતી પણ પડ્યું નથી. ચૈત્રનો આ તાપ છતાં અહીં છાયાંમાં કેવી શીતળતા છવાઇ છે.

હવાની સાથે સાથે આંબાને આવેલ મોરની મીઠી મીઠી સુગંધ નાકમાં પ્રસરતાં આનંદ સાથે તેઓ ખુશી અનુભવતા હતા. આંબાને મોહવંશ સ્નેહથી જોતા હતા.

બપોરના એકાએક તેમની આંખ જરા મીંચાઇ ગયેલ ત્યાં એકાએક ઝાડ પર કોઇએ પથરો ફેંકતા પશુઓ ભડક્યાં, એક ગાય રાસ તોડાવી ભાગી. તેમની આંખ ખુલી તો તેમણએ જેમ તેમ કરી ગાયને પુચકારી અડધું તુટેલું દોરડું લઇ તેની ગાંઠવાળી ફરીથી ખીલે બાંધી. પથ્થર કોણે માર્યો અને કયાંથી આવ્યો? તેની એ આમતેમ જોઇ તપાસ કરવા લાગ્યા. તેમણે જોયું કે તેમનો હરિફ શિવરામનો છોકરો ઝાડને પથ્થર મારી રહ્યો છે. તેમને છોકરાને ધમકાવ્યો. 'એય ઝાડને પથ્થર કગેમ મારે છે? નાની કેરીઓ કયાંક લાગી છે તે જોઇતી હોય તો ઉપર ચડીને તોડી લે. આમ પથ્થર મારવાથી તો નાની કેરીઓ અને મોર ખરી પડશે. તો છોકરાએ તરત ઊંધો જવાબ દીધો. 'હું ઝાડને પથ્થર મારૂં તેમાં તમારે શું? આ ઝાડ તમારૂં કયાં છે? ઝાડ ગમે તેનું હોય તારે એની શી પંચાત ચાલ ભાગ અહીંથી, નહીં તો મારૂં મગજ ગયું તો જોવા જેવી થશે. લાફો પડી જશે. આવ્યો મોટો ઝાડને પથ્થર મારવા વાળો...'

આમ છતાં છોકરો જરાય ડર્યો નહીં. ઉલ્ટો તેમની સાથે જીભાજોડી કરવા લાગ્યો. મને થપ્પડ મારી તો જુઓ, હું તો ઝાડને પથ્થર મારવાનો જ છું.

હવે તે પોતાના પર કાબુ રાખી શક્યા નહીં. દોડીને તેમને છોકરાને પકડી લીધો. અને તેનો કાન મરડી ગાલ પર એક તમાચો લગાવી દીધો. છોકરાનો ગાલ લાલ થઇ ગયો તે રોતો રોતો ગાળો બોલતો ગામ તરફ નાસી ગયો. તેના ગયા પછી એ પોતે બબડતા રહ્યા. કેવો નક્કામો છે. મારૂં મગજ ખરાબ કર્યું. ઝગડવા આવેલોને લે લેતો જા, જોયું ને ઝાડને પથ્થર મારવાનું અને મારી સાથે જીભાજોડી કરવાનું પરિણામ.' આમ બોલ બોલ કરતાં એ ઠંડા પડવા લાગ્યા. ત્યાં છોકરાનો બાલ શિવો બુમો પાડતો ત્યાં આવ્યો. તારે લઠ્ઠા જેવા ચાર છોકરા છે એનો મતલબ એ નથી કે તું મારા છોકરાને આવું જોરથી મારે... જો તેના કાનમાંથી લોહી નીકળે છે.' તેની આ વાત સાંભળીને તેમને મનમાં થયું કે ખરેખર છોકરાને જરા જોરથી થપ્પડ વાગી ગઇ છે. કાનથી લોહી નીકળવું જોઇને થયું કે કયાંક બહેરો ન થઇ જાય તો સારૂં પણ શિવરામ પોતાના પર હાવી ન થઇ જાય તે માટે જરા કડક અવાજે એ બોલ્યો. 'તારા છોકરાએ ઝાડને પથ્થર શું કામ માર્યો?' ઝાડ પર ચડીને નાની કેરીઓ તોડી શકાત. એક તો ચોરીને ઉપરથી સીનાજોરી તારા છોકરાને સમજાવી દે. મારી સાથે મગજમારી નુ કરે.

પણ આ ઝાડ તો સરકારી ખરાબામાં છે. તને શું કામ તકલીફ થાય છે.' તારે એનાથી શી લેવાદેવા?

'ઝાડ ખરાબામાં છે તો શું થયું? તારા બાપાએ વાવેલું છે. મારા ખેતરમાં શેઢે છે. તેને હું સાચવું છું સમજ્યો.'

તું સાચવતો હોઇશ તેથી શું થયું, ઝાડ પર તો સૌ કોઇનો હક છે. કોઇ ગમે તે રીતે એનાં ફળ તોડે તારે તેનાથી શી નિસ્બત.

ઝાડ પરથી ગમે તે રીતે ફળ તોડવાની વાતથીએ ચીડાઇ ગયા. 'તું મને સંભળાવવા આવ્યો છે કે પછી ઝગડવા, ઝાડને પથ્થર મારનારનો તો હું ટાંટીયો ભાંગી નાખીશ.'

'ટાંટીયો ભાંગી તો જો, તારે પછી પોલીસને કોર્ટ કચેરીના ચક્કર મારતાં ટાંટીયા ઘસાઇ જશે.'

'તું મને પોલીસને કોર્ટ કચેરીની ધમકી આપે છે. જે થયું હોય તે થાય. ઝાડને નુકશાન કરનારને તો... તું અજમાવવા માંગતો હોય તો મારી જો પથ્થર. પછી જો શું થાય છે તે. શિવરામ પણ દૂર ઊભો રાડો પાડતો હતો.' અચ્છા તારી આવી દાદાગીરી. એક તો ભુલ કરે છે તે પાછો આંખો કાઢે છે. હું પણ જોઉં છું કે આ ઝાડ અહીં કેવી રીતે ટકે છે. શિવરરામ સાપની જેમ ફુંફાડા મારતો ત્યાંથી જતો રહ્યો. તેમને પણ શિવરામ ને ચેતવણી આપી દીધી.' હવે તો ઝાડ ને કોઇ હાથ લગાડી જૂએ. પછી જો જે તેને કેવી મજા ચખાડું છું. જીંદગીભર...

શિવરામ દોડતો દોડતો ગ્રામ પંચાયતના વોર્ડ મેમ્બર અને તેમના જાની દુશ્મન લખમણ પાસે ગયો. ઝાડ ખરાબાની જમીનમાં છે અને તેમને દબાણ કર્યું છે. તે વાત સાથે ઝાડ પ્રત્યેના તેમના પ્રેમની વાત તેને કરી. શિવરામની આ વાત સાંભળી લખમણ ખુશ થઇ ગયો. ઘણા દિવસથી એ તેમનાથી વેર લેવા માંગતો હતો. તેને મોકો જોઇતો હતો તે આ મોકો મળી ગયો.

લખમણ તેમના વોર્ડમાંથી ગ્રામ પંચાયતના મેમ્બરની ચૂંટણી લડી રહ્યો હતો. તેના આતંક અને દબદબાને કારણે બધા તેને વોટ આપવા સંમત હતા. લખમણે તેમને વોટ આપવા કહેલું તો એમને તરત જ પરખાવી દીધેલું કે 'હું તને વોટ આપું? એ શક્ય નથી. તારા દસ જાતના કુકર્મો હું જાણું છું. હું તો કોઇ પ્રમાણિક અને ભલા ઉમેદવારને વોટ આપીશ. તને નહીં. દસ માણસોની સામે લખમણનું આવું અપમાન થતાં એ સમસમી ગયેલો. તેમની જગ્યાએ બીજો કોઇ હોત તો તેનું ગળું એણે દબાવી દીધું હોત. પણ તેમનાં ચાર જુવાન દીકરાઓનો વિચાર કરતાં તે ચૂં કે ચાં ન કરી શક્યો.'

ગ્રામ પંચાયત મેમ્બરની ચૂંટણી જીતી ગયા પછી લખમણ તેનું આ વેર વાળવાનો મોકો શોધતો હતો. તેને એ રીતે બદલે લેવો લતો કે સાંપ પણ મરે અને લાઠી પણ ભાંગે. જયારે શિવરામે એ વાત કરી ત્યારે એ ખુશ થયો કારણ કે તેને મોકો મળી ગયો. ગ્રામ પંચાયતના સરપંચને સમજાવીને હાઇવેને જોડતો રસ્તો બનાવવાની વાત તેમને ગળે ઉતારી દીધી. તેમાં આંબાનું આ ઝાડ રસ્તામાં વચ્ચે આવતું હતું. રસ્તા માટેની જમીનમાં આવેલ હોવાથી આ ઝાડ કપાઇ જશે. પછી રસ્તો બનતો હોય ત્યારે બને.

ઝાડ ન કપાય તે માટે તેમને પ્રાંત અધિકારીને અરજી કરી. સાથે વકીલ મારા મામલતદાર પાસે ઝાડ ન કાપવા અંગે અનેક તર્ક અને દલીલો સહીત રજૂઆત કરી. પણ મામલતદાર તેમની દલીલો સાથે સંમત થયા નહીં, લખમણનું ષડયંત્ર સફળ થતું જોઇ તેમને કલેકટર સમક્ષ પણ રજૂઆત કરી. પણ સાર્વજનિક હિતમાં નિર્ણય લેવામાં આવેલ હોઇ તેમને પણ તેને અટકાવવામાં અસમર્થતા દર્શાવી.

'તો સાહેબ એમ કરો એ ઝાડને છોડીને રસ્તો મારા ખેતરમાંથી નીકળે એવું કરો.' રામજીએ કહ્યું.

'વડીલ એ મુદ્દે પણ અમે વિચાર કરી ચૂક્યા છીએ. ખેતરમાંથી થઇને રસ્તો પસાર થશે તો ધૂળ વધારે ઉડશે. તેથી આવતા જતા લોકોને અને વાહનોને મુશ્કેલી પડશે.' કલેકટરની આ વાત સાંભળી એ ઉદાસ અને હતાશ થઇ ગયા. ગામમાં દિવાબત્તી થઇ ગઇ હતી. એ જ સમયે ગ્રામ પંચાયત તરફથી ઢોલની ડાંડી પીટી સાદ પડાતો હતો. 'કાલે સવારે રામસંગના ખેતર પાસે ખરાબાની જમીનમાં આવેલ આંબાનું ઝાડ કાપવામાં આવશે. તેના લાકડાંની હરાજી કરવાની હોવાથી જેને જરૂર હોય તે બોલી લગાવવા સ્થળ પર આવી જાય.'

તેમને સાંજે પત્ની બાળકો સહીત આખા કુટુંબને ભેગું કર્યું. કોર્ટની કાર્યવાહીની માહિતી આપી. તેમણે કહ્યું કે 'આ ઝાડ આપણા દાદાજીનું વાવેલું છે. છપ્પનીયા દુકાળ પહેલાંનું છે. દુકાળ વખતે આ ઝાડે આપણને બચાવેલા તેનાં ફળ વેચી દુકાળના દાડા કાઢેલાં. આ ઝાડ આપણા કુટુંબના સભ્ય જેવું છે. એ કોઇ પણ ભોગે કપાવું ન જોઇએ.' આટલું કહી એ ચુપ રહ્યાં.' એક ઘોર નિરાશાની કાલિમા તેમના ચહેરા પર છવાઇ ગઇ હતી. તેમને સાંજે વાળુ પણ ન કર્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## મને થયું મદદ કરવાની આજ સાચી રીત છે, આ બહેને પણ શ્રમ - સાધના તથા સેવાના ત્રિમુર્તિ અભિગમને મુર્તરૂપ આપ્યું છે...

**સંસ્કાર દર્શન**
**અનુકરણીય પ્રસંગ**

- અનંત ન. વ્યાસ

ભગવાન સૌને સમય તો સરખો જ આપ્યો છે પરંતુ કેટલીક વ્યક્તિઓ સમયનો પુરેપુરો સદ્ઉપયોગ કરી જાણે છે. નિયત સમયમાં જ તેઓ આત્મ-કલ્યાણ સાધે, શ્રમ કરે અને સાથોસાથ સામાજિક સેવા કાર્ય પણ કરે. આવું ત્રિવિધ કર્મ કોઇ સંત-મહાત્માઓ જ કરી શકે તેવું સંતોની આ વાત પણ નથી. આ તો એક મધ્યવ વર્ગની ગૃહિણી આ ત્રણે કર્મો કેટલી આસાનીથી બજાવી શકે છે. તેનું જવલંત ઉદાહરણ જોવા મળ્યું તેની વાત છે. મારા એક પ્રાધ્યાપક મિત્રને મળવા ગયો. નાગર ગૃહસ્થ. મિત્ર તો નથી. પણ મિત્ર-પત્ની સાથે પણ ગાઢ પરિચય. બે દીકરા - એક તો વિદેશમાં ને બીજો સરકારી ઉચ્ચ પોસ્ટ પર. ઘર-ગૃહસ્થીમાં જરા પણ ખલેલ ન પડે તેવી પૂર્ણતા.

ત્યાં ગયો ત્યારે ૬૫ વર્ષના એ બહેન દિવા માટે રૂમાંથી ફૂલવાટો બનાવતા હતા. મનમાં થયું. આવા સંપન્ન ઘરના આ બહેન શા માટે આવું કાર્ય કરતા હશે? નાણાંની કયાં તંગી છે? મારા મનની વાત એ પામી ગયા. એટલે કહે, 'જુઓ ભાઇ, આ તમો ધારો છો તેવું કંઇ નથી. મારે કયાં કંઇ ખોટ છે... કામવાળા કામ કરે છે... હું તો દિવસભર સાવ નવરી જ હોઉં તે મનમાં વિચાર થયો. લાવને કંઇ કામ કરૂં. કોઇને થોડી મદદરૂપ થાઉં...'

'ના, હું મંદિરમાં કે દુકાનમાં વાટ નથી આપતી.

તો પછી?'

અમારી પાડોશમાં પણ નોકરીયાતો જ વસે છે. સૌની હાલત સરખી ન હોય. બાજુના પરિવારનો કિશોર ભણે છે. ઘર નોકરીયાત તથા ભણતર મોંઘુ. વળી કિશોરને પોતને પણ ખીસ્સા ખર્ચ તો જોઇએ. તેને મદદની જરૂર પણ વાત ન કરી શકે. મેં તો છોકરાને જ પકડ્યો ને કહ્યું, 'જો બેટા... હું તને મદદ કરવા તૈયાર છું. દર રવિવારે તને દસ પેકેટ તૈયાર કરી આપીશ. તારે તે વેચી દેવાનો જે મળે તે તારૂં...'

એમ કમિશનથી વેચવાનું નહિ.

ના, તેમાં તેને શું મળે. આ તો દરેક પેકેટમાં ૭૦ વાટ તથા બાક્સ મુક્યા હોય. તે સાત કે આઠ રૂા. માં વેચે. દર દરિવારે તેના હાથમાં ૭૦ થી ૮૦ રૂા. આવે હું રૂ તથા બાક્સ જથ્થાબંધ ભાવે લાવું રોજ ૧૦૦ વાટ બનાવું એ દરમિયાન પરમાત્માનું નામ લેવાય. વળી છોકરાને પોતાનું કામ મળે, દાન નથી લેતો પણ જાત-મહેનત કરી કમાય છે. તેવી ભાવના ખીલે. તેનું સ્વાભિમાન પોખાય ને મદદ પણ થાય...

પણ તમે આ વાટ બનાવવાનું કેમ પસંદ કર્યું. નાસ્તા વેચનારા ઘણા છે તેમાં તૈયાર લાવવાનું ખાટું- વાસી નીકળે - આમા કંઇ ન થાય. દરેક ઘરમાં બે વખત તો દીવો થાય જ અને તે માટે બાક્સ જ જોઇએ. વળી વાટ એક રાતની સરખી તે ઘણી બહેનો પસંદ કરે. મારે ભગવાનનું ધ્યાન થાય - મન કામમાં પરોવાય. આપણે રોકડમાં દાન જો આપીએ તો તેનો ગેરઉપયોગ પણ થાય ને કયાય દાન લેનારને સંકોચ પણ થાય... મને થયું મદદ કરવાની આજ સાચી રીત છે. આ બહેને પણ શ્રમ - સાધના તથા સેવાનો ત્રિમુર્તિ અભિગમને મુર્તરૂપ આપ્યું છે...